# કોલવડા ખાતે 'આપ'ના ડાયરામાં કાંકરીચાળાથી હોબાળો

## ડાયરાના અંતમાં પથ્થરમારો અને ખુરશીઓ ઉછળવાની ઘટના : ડાયરામાં કલાકારોને માણવા મોટી સંખ્યામાં ગ્રામીણ જનમેદની ઉમટી હતી

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી દ્વારા વોર્ડ નં. ૭ માં સમાવિષ્ટ કોલવડા ખાતે ચૂંટણી પ્રચાર સભા સાથે ઘટનામાં આપ પાર્ટીને મળી રહેલા જન સમર્થનને પગલે ભાજપ-કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલો કાંકરીચાળો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. જીગ્નેશ કવિરાજ, કાજલ મહેરિયા, રાકેશ બારોટ, વિજય નાયક, ભૂમિ પંચાલ, સુરેશ ઝાલા, તૃષા રામી અને અશોક ઠાકોર જેવા કલાકારો લોકપ્રિયતા ધરાવતા કલાકારો એક સાથે આવવાના હોવાથી કોલવડા સહિત આસપાસના ગામોમાંથી ખૂબ મોટી સંખ્યામાં જનમેદની આ સવાણી અને પ્રવિણ રામ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા અને ચૂંટણી સભાને સંબોધી હતી. આ સાથે પ્રારંભ થયેલા ડાયરામાં અંતમાં આપ નેતા





લોકડાયરાનું આયોજન કર્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી હતી. જો કે આ ડાયરો પુરો થવા આવ્યો ત્યારે અચાનક કોઈ બાબતે સભામાં ધમાલ મચી જવા પામી અને હોહા સાથે પથ્થરમારો થયો અને ખુરશીઓ ઉછળતાં હોબાળો મચી ગયો હતો. જેના પગલે આપના નેતાઓ તથા ડાયરાના કલાકારોએ તે સ્થળેથી જતા રહેવાનું મુનાસિબ માન્યું હતુ. જો કે આ સંદર્ભે આજે આપ દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજીને સમગ્ર

કોલવડામાં શનિવારની સાંજે આપના નેતા અને જાણીતા લોકગાયક વિજય સુંવાળા સહિત ગમન સાંથલ, સાથે આમ આદમી પાર્ટી દ્વારા સંગીતમય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામીણ વિસ્તારોમાં ડાયરાને માણવા ઉમટી પડી હતી. ડાયરામાં આમ આદમી પાર્ટીના પ્રદેશ નેતાઓ ઈસુદાન ગઢવી, મહેશ તથા કલાકાર વિજય સુંવાળાના કોઈ નિવેદન બાબતે સ્થાનિકોએ વિરોધનો સૂર પ્રગટ કરતાં કેટલાંક તત્વોએ કાંકરીચાળો કર્યો હતો અને ખુરશીઓ ઉછાળી હતી જેના પગલે હોબાળો મચી જવા પામ્યો હતો. આ હોબાળાને પગલે 'આપ' નેતાઓએ સમયસૂચકતા વાપરીને સભાને ઝડપથી પૂર્ણ કરી હોવાનું યોગ્ય માન્યુ હતુ અને મોટી સંખ્યામાં ઉમટેલી જનમેદનીમાં અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારીના ભાગરૂપે કાર્યક્રમ સમેટી લીધો હતો.

### આપને મળી રહેલા જનસમર્થનથી વ્યથિત ભાજપનું કૃત્ય : પ્રવિણ રામ

કોલવડાના ડાયરામાં થયેલા કાંકરીચાળાને પગલે આજે આમ આદમી પાર્ટી દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં આપના પ્રદેશ યુવા પ્રમુખ પ્રવિણ રામ દ્વારા સમગ્ર ઘટના ભાજપ અને કોંગ્રેસની ચાલ હોવાનું જણાવતા હાર ભાળી ગયેલી ભાજપ આમ આદમી પાર્ટીને મળી રહેલા જન સમર્થનથી ચિંતામાં મુકાઈ હોવાથી આ પ્રકારના કાવતરાં કરી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો અને સમગ્ર પ્રકરણમાં દોષનો ટોપલો ભાજપ પર ઢોળ્યો હતો. આ સાથે ચૂંટણી પ્રચાર દરમ્યાન આપના નેતાઓને પોલીસ પ્રોટેક્શન આપવાની માંગ કરી હતી.






મહિલા અગ્રણી નીરૂબેન નાયક દ્વારા ૧૦૦૮ લાડવાથી પાઠાત્મક શ્રી ગણેશયાગનું આયોજન કરવામાં આવ્યુ હતુ. સ્વ. વાસુદેવ નાયક પરિવારના સૌજન્યથી યોજાયેલા આ કાર્યક્રમ બાદ પાણીના ડૂમમાં ગણેશ વિસર્જન કરવામાં આવ્યું હતું.

# ચિલોડા મોટા મુકામે વડાપ્રધાનના ૭૧માં જન્મદિને વિવિધ કાર્યક્રમો યોજાયા

ચિલોડા, તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧માં જન્મદિને મોટા ચિલોડા મુકામે ધી અમદાવાદ ડીસ્ટ્રીક્ટ કો.ઓપરેટીવ બેંક તથા ધી ચિલોડા સેવા સહકારી મંડળી લી.ના સહયોગથી વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ખાસ વૃક્ષારોપણનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં બેંકના એગ્રિકલ્ચર વિભાગના અધિકારીઓ તથા મંડળીના ચેરમેન જૈમિનભાઈ પટેલ અને મંત્રી જયંતિભાઈ પટેલ તથા મંડળીના સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

ચિલોડા સ્થિત ઈસનપુર રોડ પર આવેલ ઉમિયાનગર સોસાયટીમાં ભાજપના કાર્યકરો દ્વારા વિષ્ણુભાઈ સી. પટેલના નિવાસસ્થાને પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૧મા જન્મ દિવસ નિમિત્તે કેક કાબી અનોખી રીતે ઉજવણી કરી હતી. ગામના ભાજપાના આગેવાનોએ કેસરી કેપ પહેરી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જ્યારે ચિલોડા પ્રાથમિક શાળામાં વેક્સિન કેન્દ્રમાં ૪૮૦ વેક્સિન ડોઝ સાથે મેગા વેક્સિનેશન કાર્યક્રમનું આયોજન હાથ ધરાયું હતું.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં કૌશિકભાઈ પટેલના ખબર અંતર પુછ્યા

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ અગ્રણી અને પૂર્વ મહેસૂલ મંત્રી કૌશિકભાઈ પટેલના સ્વાસ્થ્યના ખબર અંતર પૂછવા તેમની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી.

મુખ્યમંત્રીએ કૌશિકભાઈ પટેલની સારવાર કરી રહેલા તબીબો સાથે પણ વાતચીત કરી હતી અને વિગતો જાણી હતી.

કૌશિકભાઈ પટેલ ત્વરાએ સ્વસ્થ થઈ જાય તેવી શુભેચ્છાઓ પણ મુખ્યમંત્રીએ પાઠવી હતી.

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી પ્રદીપભાઈ પરમાર પણ આ વેળાએ મુખ્યમંત્રી સાથે ઉપસ્થિત રહ્યા હતા.



વરસાદી સિઝનમાં ઠેર ઠેર પાણી ભરાયેલા જોવા મળી રહે છે. જૂનો ભંગાર, ટાયરો અને બહાર પડેલા જૂના સામાનમાં વરસાદી પાણી ભરાઈ રહેતા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. જેના કારણે મેલેરીયા, ડેન્ગ્યુ, ચીકનગુનીયા જેવા મચ્છરજન્ય રોગોએ માથુ ઉંચક્યુ છે. મલેરીયા વિભાગ દ્વારા શહેરમાં વિવિધ સ્થળોએ પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી.



### શહેરમાં શ્રમજીવીનું પડી ગયેલુ પાકીટ વડીલોએ પરત કર્યુ

શહેરના સેક્ટર-૭ ભારતમાતા મંદિર પાસે છાપરામાં રહેતા દિનેશ બારૈયા અને તેની પત્નિ કાળીબેન બારૈયાનું રૂ. ૫ હજારથી વધુ રૂપિયા ભરેલુ પાકીટ ઘ-૨ મહેન્દ્રકાકા સોડાવાળાની લારી નજીક પડી ગયુ હતુ. ત્યારે આ પાકીટ બાંકડે બેસી રહેતા સિનિયર સિટીઝન કરશનભાઈ, મનુભાઈ, વાલજીભાઈને મળ્યુ હતુ. શ્રમજીવી પરિવારનું પૈસા ભરેલુ પાકીટ ખોવાઈ જતા રડતા હતા. રાત્રે જમ્યા પણ ન હતા. ત્યારે વડીલોએ આસપાસના વિસ્તારમાં પાકીટ માલિક અંગે શોધખોળ કરી હતી. ત્યારે સેક્ટર-૭ ભારતમાતા મંદિર પાસેના છાપરામાં એક મહિલાનું પાકિટ ખોવાઈ ગયું હોવાની જાણ થઈ હતી. જેથી વડીલોએ આ દંપતિને પાકીટમાં શું શું વસ્તુ હતી અને કેટલા રૂપિયા હતા સહિતની પૃચ્છા કરી હતી. ત્યાર પછી વડીલોને વિશ્વાસ બેસતા દંપતિનું પાકિટ પરત આપ્યુ હતુ. પાકિટ મળતા શ્રમજીવી દંપતિએ વડીલોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુરુદ્વારા ગોવિંદધામની મુલાકાત લઈ ગુરુ ગ્રંથસાહેબને શ્રદ્ધાપૂર્વક ભાવ પુષ્પ અર્પણ કર્યા

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે અમદાવાદના એસ.જી. હાઈવે સ્થિત ગુરુદ્વારા ગોવિંદધામની મુલાકાત લઈ ગુરુગ્રંથ સાહેબને શ્રદ્ધાપૂર્વક ભાવ પુષ્પ અર્પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ ગુરુગ્રંથ સાહેબ સમક્ષ શીશ ઝુકાવી ગુજરાતની ઉત્તરોતર સુખ, સમૃદ્ધિ અને શાંતિની કામના કરી હતી. ગુજરાતના શીખ સમુદાયના પ્રમુખ ઈશ્વરસિંહ વાસુ તથા રણજિતસિંહ વાસુએ મુખ્યમંત્રીનું સન્માન કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોરોનાના કપરા કાળમાં શીખ સમુદાયે હાથ ધરેલા સેવા કાર્યોની પ્રસંશા કરી હતી. ભવિષ્યમાં પણ શીખ સમુદાય જરૂરિયાતના સમયે સેવા કાર્યો માટે સહયોગ આપશે તેવી અપેક્ષા પણ આ તકે તેમણે વ્યક્ત કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતી કાલે નવી દિલ્હીની એક દિવસીય મુલાકાતે જશે

ગાંધીનગર, તા. ૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલ સોમવાર ૨૦મી સપ્ટેમ્બરે નવી દિલ્હીની એક દિવસીય મુલાકાતે જશે. ગુજરાતના મુખ્યમંત્રીનો પદભાર સંભાળ્યા બાદ ભૂપેન્દ્રભાઈ પટેલ આવતીકાલે પ્રથમવાર ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી તેમજ ઉપ રાષ્ટ્રપતિ એમ.વૈંકેયા નાયડુજીની શુભેચ્છા સૌજન્ય મુલાકાત કરશે. ભૂપેન્દ્રભાઈ પટેલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીને સૌજન્ય શુભેચ્છા મુલાકાત માટે મળશે. ભૂપેન્દ્રભાઈ પટેલ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહને પણ સૌજન્ય શુભેચ્છા મુલાકાત હેતુસર મળશે.

આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષ જે.પી. નડ્ડાને પણ શુભેચ્છા મુલાકાત માટે મુખ્યમંત્રી નવી દિલ્હીમાં મળવાના છે.

# જિલ્લામાં આસ્થાપૂર્વક ગણેશ વિસર્જન : ઠેર ઠેર ગણપતિ બાપ્પા મોર્યાના નાદ ગુંજ્યા

બાયડ, તા. ૧૯

રવિવારે અનંત ચતુર્થદર્શીના પાવન દિવસે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ગણેશ મહોત્સવનું સમાપન થયુ. ગણપતિબાપા મોર્યાના નાદ સાથે ઠેર ઠેર ગણપતી મહોત્સવ સ્થળેથી વિઘ્નહર્તા દેવની મુર્તિઓને જળાશયોમાં વિસર્જન માટે લઈ જવાઈ ત્યારે ભક્તો ભાવવિભોર બની ગયા હતા. જિલ્લામાં ડી.જે.ના તાલે આસ્થાપૂર્વક દુંદાળા દેવનું વિશર્જન કરવામાં આવ્યું હતું.

આ વર્ષે તમામ વિસ્તારોમાં ગણેશ મંડળો દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૦ દિવસ જિલ્લાનું વાતાવરણ ગણેશમય બની ગયા પછી તા. ૧૯ ના રોજ શ્રીજીની વિદાય માટે વાજતે ગાજતે શોભાયાત્રાઓ નિકાળવામાં આવી હતી. સવારે શુભ મુહૂર્તમાં ગણેશ સ્થાપન સ્થળોએ પૂંજા-અર્ચના તેમજ મહાઆરતીના કાર્યક્રમો બાદ મૂર્તિનું વિધિવત રીતે ઉત્થાપન કરી ડી.દે. સાથે વિસર્જનયાત્રા નિકળી ત્યારે મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. જિલ્લામાં ગણેશભક્તો દ્વારા પુરતી તકેદારી સાથે નદી તેમજ તળાવોમાં ગણપતિ વિસર્જનના કાર્યક્રમો યોજાતા અસંખ્ય ભક્તો વિઘ્નહર્તાની વસમી વિદાય ટાણે ભાવુક બની ગયા હતા.



શહેરના સેક્ટર-૨ માં સિદ્ધિવિનાયકની શ્રદ્ધાપૂર્ણ વિદાય કર્યા બાદ સિનિયર સિટીઝન્સ મંડળે ગણપતિ બાપ્પાની પ્રિય વાનગી એવા લાડુ સાથે પ્રસાદ ભોજનનું આયોજન કર્યુ હતુ. આ પ્રસાદ ભોજનનો લાભ વડીલોના ગૃપમાં મોટા ભાગના સભ્યોએ સાથે મળીને લીધો હતો અને ત્યારબાદ યાદગીરીરૂપે સમુહ તસવીર ખેંચાવી હતી.



ગ્રીન સીટી ગાંધીનગરમાં ચોમાસાની ઋતુમાં આબુ, કાશ્મીર, સાપુતારાને પણ ભૂલાવે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ઠેર ઠેર ગ્રીનરી અને ધુમ્મસ ભર્યા વાતાવરણમાં વહેલી સવારે બાળકો સમુહમાં કસરત કરતા નયન રમ્યો દશ્યો જોવા મળે છે.

# રાહી ફાઉન્ડેશન દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમમાં ભજન અને ગરબાની રમઝટ દ્વારા વડીલોને ખુશ કર્યા

ચિલોડા, તા. ૧૯

મગોડી સ્થિત રાહી ફાઉન્ડેશન દ્વારા રાહેલબા વૃધ્ધાશ્રમના ૪૫ નિરાધાર, અશક્ત અને જરૂરિયાતમંદ કપડાં, સાડી, માસ્ક, કોટન બેગ, ભોજન, શાળા માટે રાશન નાસ્તો અને ભોજનનો પ્રબંધ કરવામાં આવ્યો. સાથોસાથ જાણીતા ગાયક કલાકાર દિપકકુમાર દ્વારા ગીત-સંગીત, ભજન અને ગરબાની રમઝટ બોલાવીને વડીલોને ખુશ કર્યા. વડીલો અશક્ત હોવા છતાં પ્રફુલ્લિત મને સૂર પુરાવીને મન મુકીને નૃત્ય-નાચ-ગાન ગરબા કર્યા. સંસ્થાના સંચાલક નિર્મલાબેન અને યશવંત ઝાલા દ્વારા રાહી ફાઉન્ડેશનના સંચાલક અને કાર્યકર્તાઓનું પ્રસન્નતા સાથે સ્વાગત કર્યુ. આ સંસ્થા સમાજ માટે ઉદાહરણરૂપ ઉમદા કાર્યકરે છે. તે સૌ માટે અનુકરણીય છે.




રાહી ફાઉન્ડેશન તરફથી સર્વ જયેશ પરીખ, નિહારિકા પરીખ, દિલીપ પરીખ, નિમેષ શાહ, બીના દેસાઈ, સીમા મકિમ, માલા પરીખ, સ્નેહા શાહ, અલ્પા શાહ, અતુલ શાહ, નીરજ ભગત, જયેશ પંડ્યા, ગોપાલ રાજપૂત હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આમ રાહી ફાઉન્ડેશનના આ કાર્યક્રમમાં સહયોગી બનવા માટે રમણલાલ પેટલ પરિવારના ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર, પૂર્ણિમા કાપડિયા, સીમા મકીમ, મીનાક્ષી મહેતા અને દિપકકુમારનો આભાર અને ઋણ સ્વિકાર કરી અંતઃકરણ ગૌરવ વ્યક્ત કર્યુ હતુ.



શહેરમાં ઘણા સ્થળોએ કચરાના ઢગ જોવા મળી રહ્યા છે. વળી વરસાદી સિઝનમાં આ કચરો સડી રહ્યો છે. જેના કારણે આસપાસના વિસ્તારોમાં દુર્ગંધ ફેલાય છે. સેક્ટર-૫ માં કચરાના ઢગલા જોવા મળતાં વસાહતીઓની ફરિયાદના આધારે જેસીબી દ્વારા કચરો ઉઠાવવામાં આવ્યો હતો.

### જ્ઞાનકુંજ પ્રોજેક્ટ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ મળશે તેમજ શૈક્ષણિક સ્તર પણ સુધરશે. જિલ્લાની અન્ય ૧૬ શાળાઓ માટે આ કંપનીને દરખાસ્ત આપવામાં આવી છે જેનો સ્વીકાર થયો હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આ અંગેના સાધનો પણ આગામી દિવસોમાં ઉપલબ્ધ થશે. આ શૈક્ષણિક વર્ષના અંત સુધીમાં ૨૨ જેટલી શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટ સી.એસ.આર. ફંડથી ઉપલબ્ધ થશે. ગાંધીનગર શહેર અને જિલ્લામાં શિક્ષણની ગુણવત્તા સુધારણા માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહે ખાસ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. તેમણે ખાસ અમલી બનાવેલ દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત શૈક્ષણિક સવલતોને લઈ આખા જિલ્લાનો અલગથી રિપોર્ટ પણ તૈયાર કર્યો હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં વિવિધ શૈક્ષણિક સુવિધાઓ માટે આગામી દિવસોમાં કાયાકલ્પ હાથ ધરવામાં આવશે તેમ ગૃહમંત્રીના નિકટવર્તી સૂત્રોમાંથી જાણવા મળેલ છે. જિલ્લામાં આ ૬ શાળાઓમાં જ્ઞાનકુંજ પ્રોજેક્ટના અમલને લઈ શૈક્ષણિક જગતમાં આનંદ અને ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

### ઝુંબેશ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચિકનગુનિયાના ૨૧ કેસ મળી આવ્યા છે. તંત્ર દ્વારા એન્ટી લાર્વેલ, જાહેર માર્ગો પર ફોગીંગ, ઈન્ડોર ફોગીંગ તેમજ પોરાનાશક કામગીરી સઘન બનાવવામાં આવી છે. શહેરમાં સતત ભેજવાળા વાતાવરણને કારણે મચ્છરોની ડેન્સીટીમાં પણ વધારો થયેલો જોવા મળી રહ્યો છે. શહેરમાં આ વખતે ૨૦૧૯ની સ્થિતિનું પુનરાવર્તન થઈ રહ્યુ હોવાનું જણાઈ રહ્યું છે. ૨૦૨૨માં મેલેરિયામુક્ત ગુજરાતના લક્ષ્યમાં આ વર્ષે ભારે રૂકાવટ જોવા મળી રહી છે. મેલેરિયા અને ડેન્ગ્યુના કેસો જે રીતે સામે આવી રહ્યા છે તેણે તંત્રમાં નવી ચિંતા ઉભી કરી છે. શહેરમાં વધતા જતા કેસો અને મચ્છરોની ડેન્સીટીએ આ ચિંતા વધારી છે. રાજ્ય સરકારે આજે વાહકજન્ય રોગચાળાના વધતા કેસોના પગલે ખાસ સર્વેલન્સ અને પોરાનાશક અભિયાન હાથ ધરવાની સૂચનાઓ આપી હતી. શહેરમાં આગામી દિવસોમાં વાહકજન્ય રોગચાળા સામે જનજાગૃતિ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે.

### વરસાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નિચાણવાળા વિસ્તારમાં ઠેર ઠેર પાણી ભરાયા હતા. આ ઉપરાંત સેકટરોમાં પણ આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સેકટરોના કોમન ચોકમાં પણ વરસાદી પાણીનો ભરાવો થયો હતો .આ ઉપરાંત સેકટરોમાં હાથ ધરાયેલી એપ્રોચ માર્ગની કામગીરીને અનુલક્ષી ખોદકામ કરાયુ છે તેવા ઠેકાણે પણ કાદવ કિચ્ચડ વચ્ચે તો કેટલાક ઠેકાણે વરસાદી પાણીનો ભરાવો થયો હતો. રજાના દિવસે વરસાદી મોસમ જામતા નગરજનોએ ભીંજાવાની મજા લીધી હતી. આકરા બફારા વચ્ચે વરસાદ વરસતા ઠંડક પ્રસરી હતી. શહેરમાં વરસાદનો મિજાજ આ વર્ષે કાંઈક અલગ જોવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી મેઘરાજા એકધારા વરસતા નથી પરંતુ સવાર સાંજ જાપટા નાંખી વિરામ લેતા અડધા ઈંચ થી વધુ વરસાદ થતો નથી. વરસાદી ઝાપટા વચ્ચે શહેરમાં ચોમાસાની મોસમ નિખરી છે બીજીતરફ સેકટરો પણ વરસાદી સમસ્યામાં ગરકાવ થઈ ગયા છે. સેકટરોમાં ઠેર ઠેર પાણી ભરાતા મચ્છર ઉત્તપિત સ્થાનો વધ્યા છે. કાદવ કિચ્ચડના લીધે સેકટરોમાં ગંદકીની સમસ્યા પણ હઠીલી બની છે. શહેરના સેકટરોમાં લટકતી વૃક્ષોની તોતિંગ ડાળીઓ બંધ સ્ટ્રીટ લાઈટો, કચરાના ઢગ અને રખડતા ઢોર સાથે વરસાદી પાણીના ભરાવાથી રહીશો ત્રસ્ત બન્યા છે.

### નવા મુખ્યમંત્રી...

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. કેપ્ટન અમરિંદર સિંહના રાજીનામા બાદ પંજાબના આગામી મુખ્યમંત્રી કોણ બનશે? હવે આ પ્રશ્ન દરેકના મનમાં હતો. આજે સવારે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અંબિકા સોનીનું નામ સીએમ પદ માટે આવ્યું હતું, પરંતુ થોડા સમય પછી સમાચાર આવ્યા કે, તેમણે પોતે આ પદ માટે ના પાડી દીધી છે. અંબિકા સોની પંજાબમાં શીખ ચહેરો જોવા માંગે છે. દરમિયાન, હવે સુખજિંદર સિંહ રંધાવાના નામ પર સર્વસંમતિ હોવાનું ફાઈનલ જણાઈ રહ્યું છે. પંજાબ કોંગ્રેસના ધારાસભ્યો તેમના નામ માટે સંમત થયા છે. હવે આ નામ પરની મહોર હાઈકમાન્ડ તરફથી રાહ જોઈ રહી છે. તમને જણાવી દઈએ કે, પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહે શનિવારે સોનિયા ગાંધીને એક પત્ર લખ્યો હતો. આ પત્રમાં તેમણે સોનિયા ગાંધીને સીએમ પદેથી રાજીનામું આપવાના કારણોથી વાકેફ કર્યા હતા. કેપ્ટન અમરિંદરના મીડિયા સલાહકાર રવિન ઠુકરાલે આ પત્રમાં શું લખ્યું છે તેની માહિતી આપી છે. કેપ્ટન અમરિંદરે સોનિયાને લખ્યું છે કે, રાજ્યમાં છેલ્લા ૫ મહિનાની ઘટનાઓથી તેઓ અત્યંત દુઃખી છે.

### વિસ્ફોટ...

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફઘાનિસ્તાનના પૂર્વીય નંગરહાર પ્રાંતના પાટનગર જલાલાબાદમાં તાલિબાનોને નિશાન બનાવીને શ્રેણીબદ્ધ ત્રણ વિસ્ફોટો થયા હતા, જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યાં હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. બીજીબાજુ ગયા મહિનાના અંતમાં કાબુલ એરપોર્ટ પર થયેલા આતંકી હુમલાના હુમલાખોરોને મારવા માટે અમેરિકાએ કાબુલમાં કરેલા હવાઈ હુમલામાં ૧૦ લોકો માર્યા ગયા હતા. આતંકીઓ નહીં પરંતુ નાગરિકો અમેરિકાએ કબૂલાત કરી હતી.

### ડંડો માર્યો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

માંડવિયાએ કહ્યું કે, હોસ્પિટલ અને મેડિકલ સ્ટાફ એક જ સિક્કાની બે બાજુ છે અને તેઓએ એક ટીમ તરીકે કામ કરવું જોઈએ. માંડવિયાએ કહ્યું કે, તેમણે આ ઘટનાની જાણકારી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને આપી હતી. તેઓ પણ આ સાંભળીને પરેશાન થઈ ગયા અને પૂછ્યું કે, શું ગાર્ડને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે કે નહીં? જેના પર માંડવિયાએ કહ્યું કે, તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા નથી, તેઓ માત્ર એક વ્યક્તિને નહીં પરંતુ સિસ્ટમને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે.